eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 319
July 06, 2012

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની, તા.૩૦/૦૬/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની, તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે અને અરેબીક(જરદોષી)મહેંદી સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩માં વનમહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ



સુરત શહેરને વધુ હરીયાળી નગરી બનાવવાના હેતુથી શહેરજન પોતે ગ્લોબલ વોર્મિંગની અસર ઓછી કરવા, તાપમાન ઘટાડવા, પર્યાવરણ બચાવવા અને સુરત શહેરને સુંદર બનાવવા વૃક્ષ પોતે વાવી અને ઉછેરે તેવા સંકલ્પ થકી સહભાગી થાય તેવા ઈરાદાથી શહેરના સાતે સાત ઝોનમાં ફોરેસ્ટ વિભાગ/સામાજીક વનીકરણ વિભાગના સહયોગમાં રહી વિનામૂલ્યે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૦/૦૭/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૩૦/૦૭/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ– ગૃડા–૨૦૧૧ કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજન

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧ માં સુધારા અંગેનું જાહેરનામુ તા. ૪–૬–૧૨ નાં રોજ પ્રસિધ્ધ થયેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩માં વનમહોત્સવ નિમિત્તે વિવિધ ઝોન વિસ્તારમાં વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ

૬૩ માં વન મહોત્સવ નિમિત્તે સુરત શહેરને વધુ હરીયાળી નગરી બનાવવાના હેતુથી શહેરીજન પોતે ગ્લોબલ વોર્મિંગની અસર ઓછી કરવા, તાપમાન ઘટાડવા, પર્યાવરણ બચાવવા અને સુરત શહેરને સુંદર બનાવવા વૃક્ષ પોતે વાવી અને ઉછેરે તેવા સંકલ્પ થકી સહભાગી થાય તેવા ઈરાદાથી શહેરના ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૭/૨૦૧૨ના રોજ ગોરમાગીત સ્પર્ધાનું આયોજન

ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ, તહેવારોની સંસ્કૃતિ. આ લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ અલુણાવ્રત ઉજવણી નિમિત્તે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન





અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની, તા.૩૦/૦૬/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની, તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી મહેંદી સ્પર્ધાનું આયોજન સવારે ૧૦.૦૦ કલાકે અને અરેબીક(જરદોષી)મહેંદી સ્પર્ધા બપોરે ૧૨.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ પ્રાથમિક વિભાગની મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં અંદાજે ૫૦૦થી વધુ બાલિકાઓએ ઉમળકાભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધાને અંતે નીચે મુજબ સ્પર્ધકો વિજેતા થયા હતા.

**પ્રાથમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | કાબરીયા ધ્રુવી વિપુલભાઈ | પટેલ જાસ્મીન ઈન્દ્રવદનભાઈ |
| દ્વિતીય | શેખ યાસ્મીન ઝેડ. | પઠાણ અમ્બરી મુસ્તાકભાઈ |
| તૃતીય | બનારસી તબસ્સુમ મો. સુભાન | કાશીદ ઝૈનબ એસ. |
| આશ્વાસન | શેખ મુસ્કાન મો. ઝહીર | લાકડાવાલા જાન્વી કેતનકુમાર |
| ..''.. | પટેલ અફરોઝ અબ્દુલ રશીદ | પટેલ શ્વેતાકુમારી દિવ્યકાંત |
| ..''.. | પંડયા અનેરી પ્રમોદભાઈ | ચૌધરી જાગૃતિ ચન્દ્રકાન્તભાઈ |
| ..''.. | શૈયદ ઉમેહાની મુફીઝુદ્દીન | રાણા મોહિની નરેશભાઈ |
| ..''.. | શેખ ફરહીન મો. ઈશાક | શેખ નૂરી અશરફ |

મહેંદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને જનરલ નોલેજ પુસ્તિકા અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩માં વનમહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ



સુરત શહેરને વધુ હરીયાળી નગરી બનાવવાના હેતુથી શહેરજન પોતે ગ્લોબલ વોર્મિંગની અસર ઓછી કરવા, તાપમાન ઘટાડવા, પર્યાવરણ બચાવવા અને સુરત શહેરને સુંદર બનાવવા વૃક્ષ પોતે વાવી અને ઉછેરે તેવા સંકલ્પ થકી સહભાગી થાય તેવા ઈરાદાથી શહેરના સાતે સાત ઝોનમાં ફોરેસ્ટ વિભાગ/સામાજીક વનીકરણ વિભાગના સહયોગમાં રહી વિનામૂલ્યે રોપા વિતરણના આયોજનના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩માં વનમહોત્સવ નિમિત્તે સુરત શહેરને હરીયાળી નગરી બનાવવાના હેતુસર તા.૩૦/૬/૨૦૧૨, શનિવારનાં રોજ મહારાણા પ્રતાપ ઉધાન નાનાવરાછા, સુરત ખાતે શ્રી મંગુભાઈ પટેલ મા.મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણનાં વરદ્હસ્તે વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ. વિનામૂલ્યે રોપા વિતરણનો ઉદ્દેશ નગરજનોમાં શહેરના પર્યાવરણ જાળવણીમાં સામેલ કરી નીચે જણાવેલ બાબતે જાગૃતતા કેળવવાનો છે. (૧) ઉછેર કરતાં વૃક્ષના સંવર્ધન અને જતનમાં તમામ શહેરીજનોનો સહકાર(૨) સુરત મહાનગર સેવા સદનની પ્રજાલક્ષી યોજનાનો લોકો મહત્તમ લાભ ઉઠાવે.(૩) પર્યાવરણલક્ષી જાગૃતિ ઝુંબેશમાં સક્રિય યોગદાન આપવાનો છે.

આ પ્રસંગે મા.મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકા દરેક ક્ષેત્રમાં પ્રગતિ સાધી અગ્રેસર રહે છે. સુરત મહાનગરપાલિકાએ હરિયાળી ક્રાંતિ સર્જવા માટે તેમજ શહેરના પર્યાવરણની જાળવણી અર્થે તેમજ પ્રદૂષણથી મુકત થવા માટે વૃક્ષો રોપીને આ શહેરને સુંદર બનાવવા માટે શહેરીજનોને સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત રાજયના આયોજન પંચનાં ઉપાધ્યાક્ષશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સુરત મહાનગરપાલિકાનાં ૬૩માં વનમહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ તથા વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમને આવકારતા જણાવ્યુ હતું કે આજના ગ્લોબલ વોર્મિંગનાં સમયમાં બિનજરૂરી પ્રદૂષણને જો દૂર કરવુ હોય તો વૃક્ષારોપણને મહત્વ આપવું જોઈએ જેના થકી શહેરનાં પર્યાવરણની જાળવણી થાય છે ઈઝરાયેલ જેવા દેશોમાં પાણીની તંગી રહેતી હોય ત્યાં પણ લોકો પર્યાવરણની જાળવણી અર્થે તેમજ પ્રદૂષણથી મુકત રહેવા માટે ખૂબ જ વધુ પ્રમાણમાં વૃક્ષો ઉગાડે છે દરેક વ્યકિતને એક વૃક્ષ રોપી તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો.

**Continue …**

આ પ્રસંગે ઉપસ્થિત રહેલ શ્રી નરોત્તમભાઈ પટેલ, મા.મંત્રીશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય એ જણાવ્યુ હતું કે સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩ માં વનમહોત્સવ કર્યો છે જે ખુબ જ અભિનંદનને પાત્ર છે. આ ધરતી પર કુદરતે અનેક પ્રકૃતિનું સર્જન કર્યુ છે જેમાં માનવ સુષ્ટિ પર્યાવરણ જેવી પ્રકૃતિને વિચ્છેદન કરે ત્યારે સુનામી/ભૂંકપ તથા ઘણી કુદરતી આપત્તિઓ વિનાશક પરિસ્થિતિ સર્જે છે. જે કુદરતી પર્યાવરણ પ્રકૃતિનું અસમતોલ થવાને કારણે થઈ શકે છે. જેને સમતોલ કરવા પર્યાવરણની માવજત કરી આવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી શહેરને હરિયાળું રાખવા શહેરીજનોને તેમજ વિવિધ સંસ્થાઓને અપીલ કરી હતી.




આ પ્રસંગે ઉપસ્થિત રહેલ શ્રી મંગુભાઈ પટેલ મા.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ વન અને પર્યાવરણ ) તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે સુરત શહેર સમગ્ર ગુજરાત રાજયમાં વૃક્ષારોપણ તેમજ રોપાવિતરણ જેવા કાર્યક્રમો યોજી આ શહેરને પર્યાવરણની જાળવણી બાબતે પણ ખુબ જ જાગૃતિ દર્શાવી છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તથા વનવિભાગનાં સહયોગથી આ વર્ષે શહેરનાં સાત ઝોન વિસ્તારમાં ૨ (બે) લાખ રોપાનું વિતરણ કરવામાં આવશે. જેનો સમગ્ર શહેરીજનોએ તેમજ સેવાકીય સંસ્થાઓને લાભ લેવા અનુરોધ કર્યો હતો. તથા માનવજીવનમાં લાકડાના ઉપયોગ વિશે સવિસ્તૃત માહિતી આપી વૃક્ષ ઉછેર પર ભાર મુકયો હતો. સુરતમહાનગરપાલિકાએ તમામ શહેરજનોને વિવિધ પ્રકારના વૃક્ષના છોડ જેવા કે બીલીના ઝાડનો છોડ,આસોપાલવ, સપ્તપર્ણી, મોરગજા, બીગ્નોનીયા, એબીકાયામ, પીળી કરેણ, પેલ્ટોફોરમ જેવા વૃક્ષોના રોપા વિનામુલ્યે આપવામાં આવેલ.

આજે લાકડાની ચીજ વસ્તુઓની હરહમેશા ઘરમાં ડગલે ને પગલે જરૂર પડતી હોય છે. જે સમગ્ર બાબતો ધ્યાને લેતા આજના પર્યાવરણની જાળવણી કરી શહેરીજનોને ગ્લોબલ વોર્મીગ જેવી અસરો ઓછી કરવા માટે, તાપમાન ઘટાડવા માટે, પર્યાવરણ બચાવવા માટે, શહેરને હવા પ્રદુષણથી મુક્ત રાખવા માટે સુરત મહાનગરપાલિકાએ ૨ લાખ રોપા રોપી સુરત શહેરને હરિયાળું સુરત બનાવવા માટે સૌને અનુરોધ કર્યો હતો.

અંતમાં ૬૩માં વનમહોત્સવ પ્રસંગે ડે.મેયરશ્રીમતી વર્ષા રાણાએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદશ્રીમતી દશર્નનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, સ્થાયી અધ્યક્ષશ્રી ભીમજીભાઈ પટેલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકરસિંહ,મ્યુ.કમિશ્નરશ્રી, નાયબ વનસરંક્ષણશ્રી આર.એસ.આજરા, વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ,વોર્ડ સદસ્યોશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીગણ, વિવિધ શાળાનાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ અને જાહેર જનતાએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી સમગ્ર વૃક્ષારોપણનાં કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૩૦/૦૭/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન



અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૩૦/૦૭/૨૦૧૨ના રોજ માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુરત શહેરમાં આવેલ માધ્યમિક શાળાઓની ૧૨૫થી પણ વધુ કન્યાઓએ મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ હાથે અવનવી ડીઝાઈનમાં મહેંદી મુકી હતી. જેમાં નીચે મુજબની કન્યાઓ વિજેતા જાહેર થઈ હતી.

**માધ્યમિક વિભાગ**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | દલાલ નિશી અલ્પેશકુમાર | અન્સારી સાબિયા નિસાર એહમદ |
| દ્વિતીય | શીરાવાલા જાનવી દિનેશભાઈ | ભટ્ટી હેતલ રમણીકભાઈ |
| તૃતીય | મોદી બોનીશા શૈલેષકુમાર | રાબડીયા કૃપા પ્રવિણભાઈ |
| આશ્વાસન | ગરબાવાળા અંકિતા સુનિલભાઈ | બંગડીવાલા હુરૂલ એસ. |
| .."..  | દલાલ રીચા મનોજકુમાર | જરીવાલા વૈષ્ણવી શાંતિલાલ |
| .."..  | માણીયા હાર્દિકા એન. | ખાટીક સુમૈયા યુનુસ |
| .."..  | મલેક રૂબિના દાઉદભાઈ | રામોલીયા હર્ષિદા ધનજીભાઈ |

માધ્યમિક વિભાગની મહેંદી સ્પર્ધાની વિજેતા કન્યાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, મ્યુનિ.સદસ્યાશ્રીમતી જયોતિબેન કોઠીયા, નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને ડીકસનરી અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ–ગૃડા–૨૦૧૧ કાયદાની સમજ આપવા વર્કશોપનું આયોજન

ગુજરાત બિનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા બાબતના અધિનિયમ – ગૃડા–૨૦૧૧ માં સુધારા અંગેનું જાહેરનામુ તા. ૪–૬–૧૨ નાં રોજ પ્રસિધ્ધ થયેલ છે.

સુરત શહેર વિસ્તારમાં આવેલ બિનઅધિકૃત બાંધકામો આ કાયદા હેઠળ નિયમીત થાય તે માટે દરેક ઝોન કચેરીના આ કાર્યવાહી સાથે સંકળાયેલા સંબંધીત સ્ટાફને સદરહું કામગીરીમાં એકસુત્રતા જળવાય રહે તે અંગેની સમજ આપવા તથા તે અંગેના પ્રશ્નોની ચર્ચા કરવા માટે શહેર વિકાસ અધિકારીશ્રી નાં અધ્યક્ષ પણામાં આજ રોજ **તા.૨૯/૦૬/૨૦૧૨ના રોજ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીના જુના સ્થાયી સમિતી ખંડ, રૂમ નં.૮૮ માં** એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં દરેક ઝોન કચેરીના આ કાર્યવાહી સાથે સંકળાયેલા ડેપ્યુટી ઈજનેરો, જુની. ઈજનેરો, આસી. ઈજનેરો તથા સર્વેયરોએ ઉપસ્થિત રહી ભાગ લીધેલ છે.

સદરહુ વર્કશોપમાં કાયદામાં થયેલ સુધારાઓની વિસ્તૃત જાણકારી માટે એક પ્રેઝેન્ટેશન બાદ ઝોનના ઉપસ્થિત અધિકારીઓ / કર્મચારીઓ ધ્વારા ઉપસ્થિત કરાયેલ મુદ્દાઓ સંદર્ભે વિસ્તૃત સમજ આપી સંતોષકારક સમજુતી આપવામાં આવેલ છે.

શહેર વિકાસ અધિકારીશ્રી, મનીષભાઈ ડોકટરે સદરહુ કાયદા અંગે વધુમાં વધુ લોકોને જાણકારી/સમજ આપી કાયદો સફળ બનાવવા માટે અરજદારો તરફથી પુછવામાં આવતા પ્રશ્નો અંગે સ્પષ્ટ જવાબ આપી સકારાત્મક અભિગમ દાખવવા ઝોનના અધિકારીઓને અપીલ કરેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા ૬૩માં વનમહોત્સવ નિમિત્તે વિવિધ ઝોન વિસ્તારમાં વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ

૬૩ માં વન મહોત્સવ નિમિત્તે સુરત શહેરને વધુ હરીયાળી નગરી બનાવવાના હેતુથી શહેરીજન પોતે ગ્લોબલ વોર્મિગની અસર ઓછી કરવા, તાપમાન ઘટાડવા, પર્યાવરણ બચાવવા અને સુરત શહેરને સુંદર બનાવવા વૃક્ષ પોતે વાવી અને ઉછેરે તેવા સંકલ્પ થકી સહભાગી થાય તેવા ઈરાદાથી શહેરના સાતે સાત ઝોનમાં સામાજીક વનિકરણ વિભાગના સહયોગમાં રહી શહેરમાં વૃક્ષારોપણને વેગ આપવા વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમ વિનામૂલ્યે રોપા વિતરણનું આયોજન કરેલ.

પૂર્વ ઝોન (નાના વરાછા) માં આવેલ મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં વૃક્ષારોપણ અને રોપાના વિનામૂલ્યે વિતરણના આયોજીત કાર્યક્રમમાં આદિવાસી વિકાસ, વન અને પર્યાવરણ, ગુજરાત રાજય, મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, મા. મેયરશ્રી રાજેન્દ્ર અજીતરાય દેસાઈ (રાજુ દેસાઈ), પંચાયત, ગ્રામ ગૃહનિમાર્ણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકની બાબતો, ગુજરાત રાજયના મા. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, કુટિર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, (સ્વતંત્ર હવાલો), આયોજન, વાહન વ્યવહાર (રાજયકક્ષા), ગુજરાત રાજયના મા.મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. સાંસદશ્રી સી. આર. પાટીલ, મા. ધારાસભ્યરશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ધારાસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, મા. ધારાસભ્યશ્રી કિરીટભાઈ પટેલ, મા. ડે. મેયરશ્રીમતી વર્ષા રાણા, મા. અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી ભીમજીભાઈ પટેલ, મા. શાસક પક્ષ નેતાશ્રી દયાશંકર સિંહ, મા. મ્યુ. કમિશ્નરશ્રી એમ. કે. દાસ (આઈ.એ.એસ.), મા. નાયબ વનસંરક્ષકશ્રી એ. એસ. આજરા (આઈ.એફ.એસ.) હાજર રહેલ હતા. જેમાં આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણના મા.મંત્રીશ્રી મંગુભાઈ પટેલ દ્વારા વૃક્ષારોપણ અને વિનામૂલ્યે રોપા વિતરણ કાર્યક્રમના આયોજનની જાહેરાત કરવામાં આવેલ.

**કાર્યક્રમ વિગત**

| તારીખ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૩૦ જુન થી ૦૮ જુલાઈ – ૧૨ | ઈસ્ટ | મહારાણા પ્રતાપ ઉધાન, નાના વરાછા |
| ૦૩ થી ૧૦ જુલાઈ – ૧૨ | નોર્થ | ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી લેક ગાર્ડન, કાંસાનગર |
| ૦૪ થી ૧૧ જુલાઈ – ૧૨ | વેસ્ટ | જયોતિન્દ્ર દવે ઉદ્યાન, જોગાણી નગર |
| ૦૫ થી ૧૨ જુલાઈ – ૧૨ | સાઉથ વેસ્ટ | લેકવ્યુ ગાર્ડન, પીપલોદ |
| ૦૬ થી ૧૩ જુલાઈ – ૧૨ | સાઉથ | ઉધના ઝોન ઓફિસ, ઉધના |
| ૦૭ થી ૧૪ જુલાઈ – ૧૨ | સાઉથ ઈસ્ટ | લિંબાયત ઝોન ઓફિસ, ડુંભાલ |
| ૦૮ થી ૧૫ જુલાઈ – ૧૨ | સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોક |

સમારંભમાં મહેમાનોની સ્વાગત અને આભાર વિધિ બાદ મા. મંત્રીશ્રી મંગુભાઈ પટેલ તેમજ હાજર અગ્રગણ્ય મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, મા. મેયરશ્રી વિગેરેના હસ્તે સમારંભમાં હાજર નગરજનોને તેમજ દિવસ દરમ્યાન પણ પૂર્વ ઝોનના નગરજનોને રોયલ પામ, આસોપાલવ, મહોગની, બોરસલ્લી, પીળી કરણ, એરીકાપામ, ગલતોરા, બિગ્નોનીયા, સપ્તપર્ણી, પેલ્ટોફોરમ વિગેરેના ૧૬૬૯ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. શહેરની અગ્રગણ્ય સ્કુલ રાયન ઈન્ટરનેશનલ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલીત પ્રાથમિક શાળાના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓએ વૃક્ષારોપણકર્તા મંત્રીશ્રી મંગુભાઈ પટેલ હાજર અગ્રગણ્ય મંત્રીશ્રીઓ, મેયરશ્રી, મ્યુ. સભ્યશ્રીઓ વિગેરેની સાથે મહારાણા પ્રતાપ ઉદ્યાનમાં ૬૫ વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન કરેલ હતું.

TOP

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધાનું આયોજન





અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત મહેંદી સ્પર્ધામાં તા.૦૨/૦૭/૨૦૧૨ના રોજ ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, ઋષભ ટાવર સામેનો રોડ, સુમન હાઈસ્કૂલ નં.૪ પાસે, દિવાળી બાગ, રાંદેર રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ૫૫૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબ વિજેતા જાહેર થયા હતા.

**<u>ખુલ્લો વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | જરીવાલા ટીના દેવેસકુમાર | ગઢિયા પ્રિતીબાલા જયંતભાઈ |
| દ્વિતીય | જમાદાર આભા અનિલકુમાર | પટેલ સોનલ પ્રભુભાઈ |
| તૃતીય | શર્મા ભામિની સંદિપ | ગરબાવાળા શ્વેતા સુનીલભાઈ |
| આશ્વાસન | મોદી કૃતિ યોગેશકુમાર | તરસરિયા જાગૃતિબેન મિહિરભાઈ |
| ..".. | મોતીવાલા જુલી રવિકુમાર | શેખ અરસીયા સાહીન મો.શાબીર |
| ..".. | ગાંધી રૂચી પ્રશાંત | શેખ તસનીમબાનું મો.શાબીર |
| ..".. | ઘીવાલા એકતા નરેશચંદ્ર | પટેલ નિમિષાબેન દેવરાજભાઈ |
| ..".. | કોલતે કવિતા સુધાકરભાઈ | અસ્માબાનું રીદવાન શેખ |
| ..".. | — | પટેલ પારૂલબેન ગણપતભાઈ પટેલ |

ખુલ્લા વિભાગની મહેંદી સ્પર્ધાના વિજેતાઓને મા.ડે.મેયરશ્રીમતી વર્ષાબેન રાણા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, ઉપાધ્યક્ષશ્રી ભવાનભાઈ સીસારા, મ્યુ. સભ્યશ્રીમતી રંજનબેન પટેલ, શ્રીમતી વીણાબેન નાણાવટી, શ્રીમતી જયોતિબેન કોઠીયા, શ્રીમતી ઉર્મિલાબેન રાણા અને નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને રેસિપી બુક અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

TOP

## અલુણાવ્રત નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૩/૦૭/૨૦૧૨ના રોજ ગોરમાગીત સ્પર્ધાનું આયોજન



ભારતીય સંસ્કૃતિ એટલે વ્રત, તપ, તહેવારોની સંસ્કૃતિ. આ લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે તથા આપણી સંસ્કૃતિમાં બાલિકા–કન્યાઓ માટે જ વિશેષરૂપે યોજાતા આ અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૦૩/૦૭/૨૦૧૨ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતે **ગોરમાગીત સ્પર્ધા** યોજવામાં આવી હતી. જેમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૪૫થી વધુ જેટલી પ્રાથમિક શાળાની બાળાઓએ પરંપરાગત પહેરવેશમાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| પ્રથમ | પી.પી. સવાણી વિદ્યાભવન, હીરાબાગ |
| દ્વિતીય | કે.એસ.જોષી ઈંગ્લીશ મિડીયમ પ્રાયમરી ગર્લ્સ સ્કુલ |
| તૃતીય | ગજરાબા પ્રાથમિક શાળા |
| આશ્વાસન | આર.બી.ધામી વિદ્યાલય |
| | સદ્‌ભાવના વિદ્યાલય (પ્રાથમિક શાળા) |
| | નસરવાનજી પૂંજયાજી કન્યાશાળા નં.૧૩૧ |
| | ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા નં.૧૭૨ |

સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રીમતી ઉર્વશીબેન રામીમાળી તથા નિર્ણાયકોશ્રીના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. તેમજ ભાગ લેનાર દરેક સ્પર્ધકોને ડિક્ષનરી અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં.

TOP